વર્ષ ૪૨, ઓક્ટોબર-૨૦૧૧, અંક-૧૦, આજીવન લવાજમ રૂા. ૨૦૦/-

સંસ્કાર દીપ

પ.પૂ.ગુરુવર્ય શાસ્ત્રીજી
મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી
તથા
વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય
સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી

: આશીર્વાદ :
અખંડ ભગવદ્ પરાયણ પ.પૂ. શ્રી જોગી સ્વામી
: અધ્યક્ષ :
પ.પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
: પ્રેરણા :
પ.પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
મુદ્રક : સુર્યા ઓફસેટ, આંબલી, અમદાવાદ-૫૮

: તંત્રી :
શ્રી લક્ષ્મણભાઈ આદ્રોજા
: સંપાદક :
શાસ્ત્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
: કલા સંયોજન :
ગોવિંદ જી. બાંટવા

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
વિદ્યાર્થી સંઘ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ,
મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨
સંપર્ક : (૦૭૯) ૨૭૯૧૨૫૯૧
૯૮૨૫૨૧૦૦૩૮, ૯૮૨૫૩૧૫૦૩૦
www.swaminarayangurukul.org
E-mail :sgvpgurukul@gmail.com

વડતાલ ધામમાં પૂજ્ય જોગીસ્વામીની શ્રદ્ધાંજલિ સભા પ્રસંગે

પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ

જે સંતે શ્રીજી મહારાજની રુચિ અને અભિપ્રાય પ્રમાણે પોતાની સાધુતાને જીવનમાં ચરિતાર્થ કરી છે, એવા સંત પૂજ્ય જોગી સ્વામીની આ ગુણાનુવાદ સભા છે.

વડતાલ ગાદીસ્થાનનાં આચાર્ય તરીકે આરુઢ થયા પછી જ્યારે જ્યારે જોગી સ્વામીને મળવાનું થયું ત્યારે અમે નજીકથી એ સંતને જોતા અને એમની નિઃસ્પૃહી સ્થિતિને અનુભવતા ત્યારે અમે એવા મત પર આવ્યા કે સાધુતામાં જો એક નિઃસ્પૃહીભાવ અને નિર્માનીભાવ આવી જાય તો એની સાધુતાને ચાર ચાંદ લાગી જાય.

સાધુનું જીવન તપોમય હોય છે. તેની સાથે તેણે સત્સંગ, સેવા, સંપ્રદાયનાં વિકાસ માટે વ્યવહારમાર્ગમાં પણ જોડાવું પડે છે. જોગી સ્વામી જેવા સંતે માત્ર નિવૃત્તિપરાયણ, તપોમય જીવન પસંદ કરીને સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરીને સાધુમય જીવનને દીપાવ્યું છે, તેથી આજે તેમની કીર્તિના પડઘમ ચારે બાજુ વાગી રહ્યાં છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટનાં સંસ્થાપક શાસ્ત્રીજી શ્રી ધર્મજીવનદાસજી સ્વામી એક શૂરવીર સંત હતા અને એમણે સંતોની એક ફોજ તૈયાર કરેલી છે, તે સંપ્રદાય માટે એક ધરોહર છે. આજે દેશ-વિદેશમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો જે પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે તેમાં આ ગુરુકુલ પરંપરાનાં સંતોનું બહુ મોટું યોગદાન છે. કોઠારી હરિજીવનદાસજી સ્વામી, શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી, બાલકૃષ્ણદાસજી સ્વામી, દેવકૃષ્ણદાસજી સ્વામી, હરિપ્રસાદદાસજી સ્વામી, ધર્મવલ્લભદાસજી સ્વામી વગેરે જેવા સંતોની કેળવણી ગુરુકુલ દ્વારા થઈ છે અને તાજેતરમાં અક્ષરવાસી થયેલા જોગી સ્વામી જેવા સંતોના જીવનમાંથી યુવાન સંતો સાચી સંતજીવન જીવવાની પ્રેરણા મેળવે અને સંપ્રદાયની સેવા કરી ઉજ્જવળ બનાવે એવી વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજનાં ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.



આજે વિશ્વમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો ડંકો વાગી રહ્યો હોય તો તેનું કારણ સંત છે. હિન્દુસ્તાનની સંસ્કૃતિ સંતપ્રધાન સંસ્કૃતિ છે અને તેમાં પણ જોગીસ્વામી જેવા સંત દુર્લભ છે. જોગીનું પદ જે પંચવર્તમાને યુક્ત હોય, નિસ્પૃહી રહીને શ્રીજી મહારાજનું ભજન કરતાં હોય તેવા સાધુને લોકો જોગીના બિરુદથી નવાજતાં હોય છે. જોગી સ્વામી જેવા સંતના જીવનમાંથી થોડા સદ્‌ગુણો આપણામાં પણ આવે એટલા માટે આવી સભાઓ યોજાય છે. શ્રીજી મહારાજ આપણને જોગી સ્વામી જેવું જીવન જીવવાની પ્રેરણા આપે એવી પ્રાર્થના.

■■■

સમાચાર દર્શન

પૂ. જોગી સ્વામી
શ્રદ્ધાંજલિ સભા
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, છારોડી (SGVP)

તા. ૧૧ સપ્ટેમ્બર, રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ખાતે યોજાયેલ અ. નિ. પૂજ્યપાદ જોગી સ્વામીની શ્રદ્ધાંજલિ સભામાં સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, ધર્માચાર્યો, હજારો હરિભક્તો અને સામાજીક-રાજકીય મહાનુભાવોએ પૂજ્ય સ્વામીજીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

"પૂજ્ય જોગી સ્વામી જેવા સંતની ઓળખ શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીએ જોગી સ્વામીની હયાતી દરમીયાન 'જોગી સ્વામીની જીવન ગાથા' ગ્રંથ લખીને કરાવી છે." **-લક્ષ્મણભાઈ આદ્રોજા**

"પૂજ્ય જોગી સ્વામીના જીવનથી ભગવાન સ્વામિનારાયણની સર્વોપરિતા સિદ્ધ થાય છે." **-પ. પૂ. શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી**

"પૂજ્ય જોગી સ્વામીની સેવા કરીને અહીંના સંતોએ સત્સંગના વારસાને જાળવી રાખ્યો છે. અહીં ભણનારા સંતોમાંથી જોગી સ્વામી જેવું જીવન જીવનારા સંતો તૈયાર થશે."

- પ. પૂ. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી (કુંડળ)

"સંતમા ભગવાનના ગુણ આવે તો તે કેવા હોય? તેનું ઉત્તમ ઉદાહરણ એટલે જોગી સ્વામી જેવા સંતનું જીવન."

- પ. પૂ. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (વડતાલ)

"પૂજ્ય જોગી સ્વામી ભગવાનના સતત સાનિધ્યવાળા, સ્થિતપ્રજ્ઞ સંત હતા.

-પ. પૂ. શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (ગાંધીનગર)

"જેણે સદાય સમાજને આપ્યું છે અને કાંઇ લીધું નથી એવા સંતવર્ય જોગી સ્વામીને મારા પ્રણામ." **-શાહબુદીનભાઈ રાઠોડ**

"સંતોના અધૂરાકાર્યને પૂર્ણ કરીએ. અર્થાત્ ભજન કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ." **- શ્રી ચૈતન્ય શંભુમહારાજ**

"પૂજ્ય જોગી સ્વામી વચનામૃતને અનુસરનારા સંત હતા, તેથી હવે પછી વચનામૃતનું સંતજીવન જોગી સ્વામીને અનુસરશે."

- પ. પૂ. શાસ્ત્રી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી (ફરેણી)

"આધુનિક ૨૧મી સદીમાં સંતત્વનું પ્રમાણ આપનારા સંત પૂજ્ય જોગી સ્વામી જન્મજાત સંત અને શ્રીજી મહારાજે મોકલેલા સંત હતા."

- પ. પૂ. પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામી

શ્રદ્ધાંજલિ સભા, દ્રોણેશ્વર ગુરુકુલ :-

પ્રાચીન તીર્થ શ્રી દ્રોણેશ્વર મહાદેવના સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે દરવર્ષે જળઝીલણી મહોત્સવ ઉજવાય છે. આ વર્ષે તારીખ ૮ સપ્ટેમ્બરના રોજ જળઝીલણી મહોત્સવ પરમપૂજ્ય જોગી સ્વામીની સ્મૃતિમાં ધૂન-ભજન અને શ્રદ્ધાંજલિ સભા સ્વરુપે ઉજવાયો હતો.

શ્રદ્ધાંજલિ સભા, શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ :-

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ દ્વારા, શ્રી હરિકૃષ્ણ મહારાજના સાન્નિધ્યમાં તારીખ ૧૨ સપ્ટેમ્બરના રોજ અખંડ ભગવદ્ પરાયણ પ. પૂ. જોગી સ્વામીની શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પ.પૂ ધ.ધૂ. ૧૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે ઉપસ્થિત રહી પૂજ્ય જોગી સ્વામીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા અને ગુરુકુલ પરિવારને સાંત્વના આપતા શુભાશિર્વાદ પાઠવ્યા હતા.

પૂજ્ય જોગી સ્વામીના અસ્થિઓનું વિસર્જન, નર્મદા :-

ભગવાન શ્રી સ્વામીનારાયણ, અનેક અવતારો તેમજ અનેક મહાપુરુષો દ્વારા પાવન થયેલ અને અનેક તીર્થ સ્થાનોને શોભાવતી નર્મદા મૈયાને કિનારે તારીખ ૧૨ સપ્ટેમ્બરના રોજ અંખડ ભગવદ્ પરાયણ પ. પૂ. જોગી સ્વામીના અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

શ્રદ્ધાંજલિ સભા, શ્રી સ્વામિનારાયણ મંદિર રાજકોટ :-

શ્રી સ્વામિનારાયણ મંદિર રાજકોટમાં તારીખ ૧૪ સપ્ટેમ્બરના રોજ પૂજ્ય જોગી સ્વામીની શ્રદ્ધાંજલિની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ. પૂ. સદ્ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પ.પૂ. પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી આદિ સંત મંડળ, પુજ્ય જોગી સ્વામીના ગુરુભાઇ ગવૈયા ગોવિંદપ્રસાદ સ્વામી, કોઠારી હરિજીવનદાસજી સ્વામી, પુરાણી માધવજીવનદાસજી સ્વામી વગેરે સંતો તેમજ મોટી સંખ્યામાં હરિભક્તોએ હાજર રહી પૂજ્ય સ્વામીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. મંદિરના કોઠારી શ્રી વિવેકસાગર સ્વામીએ તમામવ્યવસ્થા કરી હતી.

પૂજ્ય જોગી સ્વામીના અસ્થિ વિસર્જન :- ભાદરા

ભાદરા ગામને અડીને વહેતી ઊંડ નદીમાં ભગવાન

શ્રી સ્વામિનારાયણે પરમહંસો સાથે ઘણી વાર સ્નાન કર્યું છે તેમજ આ ગામમાં અ.મૂ. ગુણાતીતાનંદ સ્વામી આદિ ૧૯ મુક્તો પ્રગટ થયા છે. પૂ.જોગી સ્વામીએ પણ આજ ગામમાં જન્મ ધર્યો હતો. આવા પવિત્ર તિર્થમાં તારીખ ૧૫ સપ્ટેમ્બરના રોજ પૂજ્ય જોગી સ્વામીના અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

શ્રદ્ધાંજલિ સભા, શ્રી સ્વામિનારાયણ મંદિર જુનાગઢ :-

સ્વામિનારાયણ મંદિર રાજકોટમાં તારીખ ૧૯ સપ્ટેમ્બરના રોજ પૂજ્ય જોગી સ્વામીની શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ. પૂ. સદ્ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પ. પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પ. પૂ. બાલકૃષ્ણદાસજી સ્વામી (ફરેણી),પ.પૂ. મોહનપ્રસાદદાસજી સ્વામી,પ.પૂ ભારતી બાપુ, મંદિરના કોઠારી શ્રી ભકિતપ્રકાશદાસજી સ્વામી, ભીખુદાન ગઢવી, એલ. ટી. રાજાણી વગેરે સંતો તેમજ હરિભક્તોએ ઉપસ્થિત રહી પૂજ્ય જોગી સ્વામીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

પૂજ્ય જોગી સ્વામીના અસ્થિ વિસર્જન :- સોમનાથ

પવિત્ર તીર્થ ધામ સોમનાથ ખાતે પૂ. ભંડારી સ્વામી, પૂ. ગુરુ સ્વામી, પૂ. વિહારી સ્વામી, પૂ. ધર્મવત્સલ સ્વામી આદિ સંતાએ પધારી હિરણ-કપિલા-સમુદ્ર ત્રિવેણી સંગમ ખાતે પૂ. જોગી સ્વામીના અસ્થિઓનું વિસર્જન કર્યુ હતું.

શ્રદ્ધાંજલિ સભા, લંડન :-

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર યુ.કે. તથા કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા પૂજ્ય જોગી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં તારીખ ૧૧ સપ્ટેમ્બરના રોજ શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તોએ પધારી પૂજ્ય સ્વામીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. આ ઉપરાંત શ્રી સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન દ્વારા ૨૪ કલાકની અખંડ ધૂન-મંત્રલેખન રાખવામાં આવ્યું હતું. તથા શ્રી સ્વામિનારાયણ મંદિર કેન્ટન દ્વારા શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૂજ્ય જોગી સ્વામી સ્મૃતિ સભા :- મુંબઈ

તારીખ ૧૮ સપ્ટેમ્બરના રોજ ગુરુકુલ પરિવાર, મુંબઈ દ્વારા પૂજ્ય જોગી સ્વામીની સ્મૃતિમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પ. પૂ. સદ્ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી,પ.પૂ. પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી સંત મંડળ સાથે ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે મોટી સંખ્યામા હરિભક્તોએ ઉપસ્થિત રહી પૂજ્ય સ્વામીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

પૂજ્ય જોગી સ્વામી સ્મૃતિ સભા :- વાપી, દહાણું, વલસાડ

વાપી,દહાણું, વલસાડ સ્થિત હરિભક્તો દ્વારા પૂજ્ય જોગી સ્વામીની સ્મૃતિમાં સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પ. પૂ. સદ્ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સંત મંડળ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય જોગી સ્વામી સ્મૃતિ સભા, સુરત

તારીખ ૨૦ સપ્ટેમ્બરના રોજ ગુરુકુલ પરિવાર, સુરત દ્વારા પૂજ્ય જોગી સ્વામીની સ્મૃતિમાં **'પૂજ્ય જોગી સ્વામી જીવન ગાથા'** સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પ. પૂ. સદ્ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પ.પૂ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી સંત મંડળ સાથે ઉપસ્થિત રહ્યા હતાં તથા પૂ. નિલકંઠસ્વામી, પૂ. વિષ્ણુપ્રકાશ સ્વામી, પૂ. પ્રભુચરણ સ્વામી, પૂ. હરિવલ્લભ સ્વામી, પૂ. વિશ્વવલ્લભ સ્વામી વગેરે સંતો તથા મોટી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહી પૂજ્ય સ્વામીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

અંખડ ભગવદ્ પરાયણ પ. પૂ. જોગી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં યોજાનાર સદ્ગુરુ વંદના મહોત્સવ ઉપક્રમે ભગવાન શ્રી હરિ તથા પૂજ્ય જોગી સ્વામીને પ્રસન્ન કરવા ગુરુકુલ પરિવાર દ્વારા ભજન-ભક્તિના નિયમો લેવાય રહ્યાં છે. નીચેના નિયમોમાંથી કોઇપણ નિયમ ગ્રહણ કરીને મહોત્સવ સુધીમાં પૂર્ણ કરીએ.

૧. ૧૦૮ સ્થળે ૧૦૮ કલાક ધૂન કરવી.
૨. ૧૦૮ મંત્ર લેખનની નાની બુક ભરવી.(પરિવાર દીઠ)
૩. રોજ ૩૫ જનમંગલના પાઠ કરવા.
૪. રોજ વંદુ સહજાનંદના પાઠ કરવા.

(કુલ ૧ કરોડ ૮ પાઠ કરવાના છે)

આપ દ્વારા ગ્રહણ કરાયેલા નિયમોની નોંધ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ અથવા છારોડી કરાવવી.

વધુ સંપર્ક - **શાસ્ત્રી ભક્તિવેદાન્તદાસજી સ્વામી**

મો. નં. ૦૯૮૨૫૩ ૧૫૦૩૦

"SANSKARDIP"
R.N.I. 15104/68 Permitted to post at Ahd. PSO on 9th of every month.
Registered under Postal Reg. No. GAMC-1729/2010-2012 valid up to 31-12-2012 issued by SSP
Ahmedabad-9, Licenced to post without Prepayments No. CPMG/GJ/85/10-12/valid upto 31-12-2012

શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદન

હે મહારાજ! અમારા જીવનમાં
ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યના દીવડોઓ પ્રગટે;
પ્રેમ, પવિત્રતા, શ્રદ્ધા, સમર્પણનો પ્રકાશ પથરાય;
કામ, ક્રોધ, રાગ-દ્વેષ, ઇર્ષા, કપટરુપી અંધકાર દૂર થાય;
તમારું અખંડ સ્મરણ રહે અને તમારા સંતો-ભક્તોમાં હેત થાય
એ જ નવલા વર્ષના સુપ્રભાતે આપના ચરણકમળમાં પ્રાર્થના...

સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા સર્વ સંત મંડળના
શુભ દિપાવલી, નૂતન વર્ષાભિનંદન સહ જય શ્રી સ્વામિનારાયણ.

લિ. પુરાણી બાલકૃષ્ણદાસ.

પૂ. જોગી સ્વામી શ્રદ્ધાંજલિ સભા, છારોડી

પૂ. જોગી સ્વામી શ્રદ્ધાંજલિ સભા, સુરત

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.